વીજલાઈનના વળતર મુદ્દે હલ્લાબોલ

કંપની દ્વારા તાજેતરના સરકારી પરિપત્ર મુજબ વળતર ન ચૂકવાતા ખેડૂતોમાં રોષ

નકશાની તથા જમીનનું વળતર ચુકવવા સરકારે આગળ આવવું જોઇએ

વલસાડ : વલસાડ જિલ્લાના નાનાપોંઢા તથા કપરાડા તાલુકાઓમાંથી પસાર થતી પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડની પસાર થઈ રહેલી હાઈવોલ્ટેજ લાઇનમાં વળતર મુદ્દે વિસંગતતા ઊભી થતા અસરગ્રસ્ત આશરે 10થી વધુ ગામોના સરપંચો, ખેડૂતો મોટી સંખ્યામાં રેલી આકારે કલેક્ટર કચેરીમાં પહોંચી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. આગેવાનોએ જણાવ્યું કે, જો આ મુદ્દે કોઈ નિર્ણય નહી આવશે તો આવનારા સમયમાં ઉગ્ર આંદોલન પણ કરવું પડશે તેવી ચીમકી આપી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, વીજ લાઇન ટાવરમાં ખેડૂતોની મહામૂલી જમીન જઈ રહી છે, ત્યારે અસરગ્રસ્ત ખેડૂતોને 4 જુલાઈ 2026ના રોજ સરકારના પરિપત્ર મુજબ વળતર ચૂકવવું જોઈએ, પરંતુ કંપની પરિપત્ર અમને લાગુ પડતો નથી તેમ જણાવી રહી છે. એટલુ જ નહીં જમીન, પાક કે ઝાડોનું સંપૂર્ણ વળતર હજુ ચૂકવ્યું નથી. જેથી અસરગ્રસ્ત ખેડૂતોને હાલના પરિપત્ર મુજબ નકશાની તથા જમીનનું વળતર ચુકવવા સરકારે આગળ આવવું જોઈએ.

> **“ નિર્ણય નહી લેવાય તો ઉગ્ર આંદોલન કરાશે**
>
> અમારા ગામમાંથી 765 કે.વી.એ.ની હાઈટેન્શન લાઈનનું કામ પૂર્ણ થયું. હાલે જમીન સંપાદન પ્રક્રિયા શરૂ થઈ છે, ત્યારે જુની જંત્રીના બદલે જમીનની વર્તમાન બજાર કિંમતના 200 ટકા વળતર આપવું, રાઇટ ઓફ વે કોરિડોર માટે વર્તમાન બજાર કિંમત ચૂકવવી, સુરક્ષાના પૂરતા પગલા સહિતના મુદ્દાઓ છે. જો આ મુદ્દે નિર્ણય નહી લેવાય તો ઉગ્ર આંદોલન કરાશે.
>
> કલ્પેશ પટેલ, સરપંચ, કાજલી **”**



પ્રતિમાઓના આગમન પૂર્વે વીજ, પોલીસ-પાલિકાના સંકલનની માંગ

નવસારીમાં 33 ફૂટની ગણેશ પ્રતિમાથી અવ્યવસ્થા-અંધારપટ

વિશાળ પ્રતિમાના આગમન દરમિયાન વીજ પુરવઠો એક કલાકથી વધુ સમય બંધ રહ્યાની ફરિયાદ

નવસારીઃ ગણેશોત્સવ પૂર્વે શહેરમાં વિશાળ પ્રતિમાઓના આગમન સાથે જાહેર વ્યવસ્થાના આયોજનનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. અંબિકા ચોક વિસ્તારમાં 33 ફૂટ ઊંચી ગણેશ પ્રતિમાના આગમન દરમિયાન વીજ પુરવઠો બંધ રાખવો પડ્યો હોવાની સાથે મુખ્ય માર્ગ પર ટ્રાફિક વ્યવસ્થા ખોરવાતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, પ્રતિમાની ઊંચાઈને ધ્યાનમાં રાખીને વીજલાઈનો સાથે કોઈ અડચણ ન સર્જાય તે માટે વિસ્તારમાં એક કલાકથી વધુ સમય વીજ પુરવઠો બંધ રાખવામાં આવ્યો હતો. લાંબા સમય સુધી વીજળી બંધ રહેતાં અંધારપટ અને ઉકળાટ વચ્ચે રહેવાસીઓમાં અસંતોષ જોવા મળ્યો હતો. સાથે જ પ્રતિમા સાથે લોકો એકત્ર થતાં ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી.

ઘટનાને પગલે ગણેશોત્સવ દરમિયાન મોટી પ્રતિમાઓના આગમન માટે નિયમો, વીજ સલામતી અને ટ્રાફિક વ્યવસ્થાના અગાઉથી આયોજન અંગે સવાલો ઉઠ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે આવા આયોજનો માટે વીજ વિભાગ, પોલીસ, પાલિકા અને આયોજકો વચ્ચે સંકલન થાય તે જરૂરી છે.

ઘેજની સહકારી મંડળીમાં કરોડોના કૌભાંડમાં કલેક્ટરને રજૂઆત

ગુજકોમાસોલને ચૂકવેલા રૂપિયા ૧.૦૪ કરોડનો ચેક રિટર્ન થતાં પ્રમુખ અને સેક્રેટરી સામે ગાંધીનગર કોર્ટમાં કેસ દાખલ

સબસિડીવાળા યુરિયા ખાતરના જથ્થાના બિલ ખેડૂતોના નામે ઉધારી ઔદ્યોગિક એકમોમાં વેચાણ કરવાના ગંભીર આક્ષેપો

નાયબ ખેતી નિયામકની કચેરી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી

ઘેજ ગામની સહકારી મંડળીમાં નાયબ ખેતી નિયામકની કચેરી દ્વારા કેટલાક રેકર્ડ કબ્જે લઈ તપાસ હાથ ધરવામાં આવી છે. પાંચેક અધિકારીઓની ટીમે ઘેજ ગામે મંડળીની કચેરીમાં તપાસ કરાયા બાદ દસ્તાવેજો સહિતનો રેકર્ડ કબ્જે લઈ કચેરીમાં ચકાસણી કરવામાં આવી રહી છે. ત્યારે અધિકારીઓ દ્વારા તટસ્થ તપાસ કરી ખેડૂતોના નિવેદનો લઈ ખરેખર કેટલા બીલ બોગસ છે અને કેટલા સાચા છે તે અને ગુજકોમાસોલમાં છેલ્લા એક વર્ષ કરતા વધુ સમયથી એક કરોડ રૂપિયાથી વધુની રકમ ચૂકવાઇ નથી ત્યારે ઉચાપતની દિશામાં પણ તપાસ કરવામાં આવે તે જરૂરી છે. નોંધનીય છે કે ઘેજ મંડળીનો ચેરમેન ભરત પટેલ હાલે એપીએમસીની ચૂંટણીમાં સતાધારી પેનલનો ઉમેદવાર હોય સમગ્ર તાલુકાના ખેડૂતોમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે જેની અસર મતદાન પર પણ થવાની શક્યતા જણાઈ રહી છે.

ઘેજ : ચીખલી તાલુકાના ઘેજ ગામના ગ્રામજનો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ગામની સહકારી મંડળીમાં ગેરવહીવટ બહાર આવતા વહીવટકર્તાઓને હટાવી જિલ્લા રજિસ્ટારની કચેરીને વહીવટ સોંપવાની માંગ કરવામાં આવી છે.

ઘેજ ગામના અગ્રણી અને તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ, તાલુકા પંચાયત સભ્ય, ગામના સરપંચ, પૂર્વ સરપંચ સહિતના આગેવાનો અને ગ્રામજનો દ્વારા જિલ્લા કલેક્ટરને પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે ઘેજની સેવા સહકારી મંડળી દ્વારા ગુજકોમાસોલને રાસાયણિક ખાતરનું પેમેન્ટ ચૂકવાયું નથી અને મંડળીના પ્રમુખ, સેક્રેટરી દ્વારા ગુજકોમાસોલને આપવામાં આવેલો ૧.૦૪ કરોડ રૂપિયાનો ચેક ફંડઝ ઇન્સફિસીયન્સના શેરાથી પરત આવતા ગુજકોમાસોલ દ્વારા ઘેજ મંડળીના પ્રમુખ અને સેક્રેટરી સામે ગાંધીનગરની કોર્ટમાં ગુનો દાખલ કરાવાતા તે કેસ હાલે ચાલી આવેલો છે.

આ ઉપરાંત ઘેજ ગામને અડીને આવેલા ખેરગામ ઊંચાબેડાની એક વાડીમાંથી બીલીમોરા જીઆઇડીસીમાં ઔદ્યોગિક એકમમાં વેચાણ માટે લઈ જવાતો ઔદ્યોગિક એકમમાં વપરાશ માટે પ્રતિબંધિત નિમ કોટેડ યુરિયા ખાતરનો ૮૦-જેટલી બેગનો જથ્થો બીલીમોરા પોલીસે આંતલિયા જીઆઇડીસીમાંથી ઝડપી પાડ્યો હતો.

જેમાં પણ પાછળથી તપાસમાં ઘેજ મંડળીના ચેરમેનના ડિરેક્ટર પુત્રનું નામ ખુલતા હાલે ગણદેવીની કોર્ટમાં કેસ ચાલી આવેલો છે.

આ કારભારમાં ગામના નિર્દોષ ખેડૂતો કે જેઓના નામે બિલ ઉધારાયા છે. પરંતુ તેઓ ખાતર લઈ ગયા નથી તેઓ પણ દંડાઈ તેવી સ્થિતિ નિર્માણ પામી છે. હાલે કેટલાક અધિકારીઓના મેળાપીપણામાં છેલ્લા ત્રણ વર્ષના પીઓએસ મશીનના ડેટા મુજબ બિલો ઉધારી, નવા રોજમેળ બનાવી દેવાની પણ આશંકા વ્યક્ત કરી ગામના વડીલો દ્વારા ઉભી કરવામાં આવેલી આ સહકારી સંસ્થા ડૂબે નહીં તે માટે હાલના વહીવટકર્તાઓને વહીવટમાંથી દૂર કરી જિલ્લા રજિસ્ટાર કચેરી દ્વારા મંડળીનો વહીવટ હસ્તગત કરાવવાની ગ્રામજનો દ્વારા જિલ્લા કલેક્ટર સમક્ષ લેખિત માંગ કરવામાં આવી છે.

ગારખડીમાં મૂર્તિ ખંડિત કરવાની ઘટના બાદ શાંતિ જાળવવા અપીલ

વિવાદ વચ્ચે વિવિધ સામાજિક અને રાજકીય સંગઠનો દ્વારા આવેદનપત્ર

સાપુતારા : ડાંગ જિલ્લાના ગારખડી ગામ નજીક આવેલા સીતાવન ખાતે ધાર્મિક મૂર્તિઓ ખંડિત કરવાની ઘટના સામે આવ્યા બાદ જિલ્લામાં તણાવનો માહોલ સર્જાયો છે. આ ઘટનાને પગલે જિલ્લામાં શાંતિ જળવાઈ રહે તે માટે ખ્રિસ્તી સમાજના આગેવાનો તેમજ વિવિધ રાજકીય અને સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓ આગળ આવ્યા છે. તમામ આગેવાનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સમગ્ર મામલે નિષ્પક્ષ અને કાયદેસરની તપાસ કરવાની સાથે શાંતિપૂર્ણ વાતાવરણ જાળવી રાખવા ગંભીર અપીલ કરી છે.

પૂર્વપટ્ટી વિસ્તારમાં બનેલી આ ઘટના બાદ હિન્દુ સમાજ દ્વારા આરોપીને વહેલી તકે ઝડપી પાડી કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી રહી છે. બીજી બાજુ, પોલીસ દ્વારા સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન બીટીટીએસ અને બીએસપી પાર્ટીના પ્રમુખો સહિતના અગ્રણીઓએ આ ઘટનાની ઉગ્ર નિંદા કરી હતી. સાથે જ, સાધ્વી યશોદા દીદી દ્વારા કથિત રીતે આપવામાં આવેલા ભડકાઉ ભાષણ અને અન્ય ધાર્મિક સંગઠનો પર કરાયેલા આક્ષેપો અંગે યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ પણ ઉઠી છે.

ઈલેક્ટ્રોનિક્સ સામાનની ચોરીમાં વેપારી ઝડપાયો

સોળસુંબામાં દુકાનની બહારથી AC અને આઉટડોર યુનિટની ચોરી કરનાર બે સગીર પણ ઝડપાયા

ઉમરગામ : ઉમરગામના સોળસુંબામા દુકાનની બહારથી એસી આઉટડોર યુનિટની ચોરી કરનાર બે બાળકિશોર અને ચોરીનો મુદ્દામાલ ખરીદનાર ભંગારના વેપારીની ઉમરગામ પોલીસે અટક કરી છે.

સોળસુંબામાં આવેલા ગંગાદેવી ગાર્ડન કેફે હોટલ સામે કૂલિંગ ઈક્વિપમેન્ટ રિપેરિંગનો ધંધો કરતા ફરિયાદી નિખિલ રાજારામ ઝા ની ભવાની રેફ્રીજરેશન એન્ડ ઈલેક્ટ્રોનિક્સ નામક દુકાન આવેલી છે.

દુકાનની બહાર રિપેરિંગ માટે મુકેલું જૂનું પેનલ એસી (રૂપિયા 15000) તથા એક વીડિયોકોન કંપનીનું એસી આઉટડોર યુનિટ (રૂપિયા 5000) તેમજ કેરીયર કંપનીનું જૂનું એસી આઉટડોર યુનિટ (રૂપિયા 5000) મળી કુલ રૂપિયા 25 હજારની મત્તાની ચોરી થઈ હતી. દુકાનમાં સીસીટીવી કેમેરાના ફૂટેજમાં બે ચોર ઈસમો આ સામાન ચોરી ગયાનું જણાઈ આવ્યું હતુ.

બનાવ અંગે ઉમરગામના પી.આઈ એચ ડી તુવર તથા પોલીસે તપાસ કરતા આ ચોરીના કેસમાં કાયદાના સંઘર્ષમાં આવેલા બે બાળકીશોરોને ઝડપી પાડ્યા હતા તથા ચોરીનો મુદ્દામાલ લેનાર સંજાણ ખાતે ભંગારની દુકાન ચલાવનાર અજાઝ ઉર્ફે એજાઝ યાર મોહમ્મદ ખાન (ઉ 37 રહે સંજાણ)ને પકડી પાડી મોબાઈલ ફોન એક મોપેડ તથા ચોરીમાં ગયેલ જુના એસીનો ભંગાર તથા આઉટડોર યુનિટ કબજે લીધું હતું અને વધુ તપાસ ઉમરગામ પોલીસે હાથ ધરી હતી.

ખેરલાવમાં જન્માષ્ટમીની રાત્રે બાઇક રોકવા બાબતે જૂથ અથડામણ

ભજન કાર્યક્રમ દરમિયાન થયેલી બોલાચાલી બાદ બે યુવકો વચ્ચે ઉગ્ર ઝઘડો અને તોડફોડ

લોખંડના રોડ અને લાકડાના ફટકાથી હુમલો કરી ઈજા પહોંચાડાતા બંને પક્ષો સામે ગુનો

પારડી : ગત ૫ સપ્ટેમ્બરની રાત્રે ખેરલાવના શિવજી મંદિરે જન્માષ્ટમીનો ભજન કાર્યક્રમમાં બસ સ્ટેન્ડ નજીક મોટરસાયકલ પર પસાર થતા યુવકો જોરજોરથી વાતો કરતા હોવાથી ભાવેશ પટેલે રોકાવ્યા હતા. ત્યાં હાજર અંકિત ઉર્ફે મુન્નો પટેલે મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભાવેશ અને અંકિત વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ ગઈ હતી.

અંકિતના આક્ષેપ મુજબ, ભાવેશે તેના પર હુમલો કર્યો હતો, જેથી ઉશ્કેરાયેલા અંકિતે ભાવેશના ઘરે પહોંચીને વિરોધ કર્યો હતો. આ દરમિયાન થયેલી અથડામણમાં અંકિતને ગંભીર ઈજાઓ થતાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યારે સામે પક્ષે, ભાવેશના પિતા રણછોડભાઈ પટેલે અંકિત સામે ગંભીર આક્ષેપો કરતી જવાબી ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ, અંકિત લોખંડનો રોડ લઈને ઘરે ધસી તોડફોડ કરી પરિવારને મારી નાખવાની ધમકી આપી હતી. ઘટનાને પગલે પોલીસે પહોંચી ગઈ હતી. હાલ પારડી પોલીસે બંને પક્ષોની ફરિયાદોના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

KALAMANDIR

આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ

22 KT 1,40,450/-

18 KT 1,14,870/- 14 KT 89,290/-

+91 95109 70230

વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

BHULKA VIHAR SCHOOL

624, Bhatha, Hazira Road, Surat. Ph. : 2840455, 2971900, 89800 08283

પ્રવેશ અંગે - ADMISSION NOTICE

નર્સરી (ગ્લોબલ ગુજરાતી માધ્યમ)

OFFLINE

નર્સરીના અરજીપત્રો તા.૧૦-૦૯-૨૦૨૬ને ગુરુવાર અને તા.૧૧-૦૯-૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૮:૦૦ થી ૧૦:૦૦ કલાક દરમિયાન મળશે.

ઉંમર : બાળકનો જન્મ તા.૦૨-૦૬-૨૦૨૩ થી તા.૦૧-૦૬-૨૦૨૪ વચ્ચે હોવો જરૂરી. (બાળક તા.૦૨-૦૬-૨૦૨૭ ના રોજ 3 વર્ષથી ૪ વર્ષનું હોવું જોઇએ.)

બાળકના જન્મનો અસલ દાખલો અવશ્ય સાથે લાવવો. (ઍફિડેવિટ કે ફોટો કોપી ચાલશે નહીં.)

ONLINE

વિશેષ નોંધ : આ અરજીપત્ર આપ તા.૧૦-૦૯-૨૦૨૬ને ગુરુવાર અને તા.૧૧-૦૯-૨૦૨૬ને શુક્રવાર દરમિયાન 'ONLINE' www.bhulkavihar.com પર ભરી શકશો.

Nursery (English Medium)

OFFLINE

Application forms for the Nursery Class will be available on 10-09-2026 i.e. Thursday and 11-09-2026 i.e. Friday between 8.00 a.m. to 10.00 a.m.

Age : Child's birth should be between 02-06-2023 to 01-06-2024. (The child should be 3 years to 4 years on 02-06-2027.)

- Kindly bring the 'Original Birth Certificate' of your child along with you.
- Affidavit or Photo copy will not be accepted.

ONLINE

Please Note : Application forms can be filled 'ONLINE' on www.bhulkavihar.com on 10-09-2026 i.e. Thursday and 11-09-2026 i.e. Friday.

Dr. Mita Vakil
Principal

સંક્ષિપ્ત સમાચાર

વાપી ટાઉનમાં SBPP બેંકની નવી શાખાનું નાણામંત્રીના હસ્તે ઉદ્ઘાટન

વાપી : વાપી ટાઉનમાં સરદાર ભીલાડવાળા પારડી પીપલ્સ કો-ઓપ બેંકની નવી શાખાનું મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંકના સભાસદો અને ગ્રાહકો ઉપસ્થિત રહ્યા હતાં. બેંકના ચેરમેન અને ડિરેક્ટરો દ્વારા જૂના મકાનના રિનોવેશનના હેતુથી શાખાને વાપી દેસાઈવાડ જતા માર્ગ પર આવેલ પોસ્ટ ઓફિસ સામેના મહાવીર કોમ્પ્લેક્સમાં સ્થળાંતરિત કરવામાં આવી છે. વાપી ટાઉનની આ શાખામાં 20 હજારથી વધુ ખાતેદારો અને 5 હજારથી વધુ લોકર ગ્રાહકો છે. આ પ્રસંગે નાણામંત્રી દેસાઈ, બેંકના કસ્ટોડીયા રાજેશ રાણા, વાપી મનપાના પ્રમુખ દક્ષાબેન પટેલ, ઉપપ્રમુખ મિતેશ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષ પટેલ, વાપી ભાજપ શહેર પ્રમુખ મનીષ દેસાઈ, બેંકના જી.એમ. સિદ્ધાર્થ શુક્લા સહિત મોટી સંખ્યામાં માજી ચેરમેન, માજી ડિરેક્ટરો, સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

હનીટ્રેપ કેસના ચાર આરોપીના જામીન ફગાવતી ધરમપુર કોર્ટ

વલસાડ : દાનહના રહીશને હનીટ્રેપમાં ફસાવી લૂંટ ચલાવવાના ચકચારી કેસમાં ધરપકડ કરાયેલા ચાર આરોપીઓની રેગ્યુલર જામીન અરજી ધરમપુર એડિશનલ સેશન્સ કોર્ટે નામંજૂર કરવાનો આદેશ કર્યો છે. આ ગુના સંદર્ભે નાનાપોંઢા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને શાહબાઝ અબ્દુલ અઝીઝ ચૌધરી, ઝહીર સમીઉલ્લા ખાન, જવાહિર રામનરેશ યાદવ અને અફાન સિરાજુદ્દીન ખાન નામના ચાર શખ્સોની ધરપકડ કરી હતી. જેલ હવાલે થયા બાદ આરોપીઓએ જેલમુક્ત થવા માટે ધરમપુર સેશન્સ કોર્ટ સમક્ષ રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. આ જામીન અરજીની સુનાવણી દરમિયાન ડી.જી.પી. અનિલ ત્રિપાઠીએ સરકાર પક્ષે દલીલો રજૂ કરી હતી. તેમની દલીલો તેમજ પોલીસ તપાસના દસ્તાવેજોને ગ્રાહ્ય રાખીને એડિશનલ સેશન્સ જજ એમ. એ. મિર્ઝાએ ગુનાની ગંભીરતાને ધ્યાને લેતાં તમામ ચારેય આરોપીઓની જામીન અરજી ફગાવી દેતો હુકમ ફરમાવ્યો છે.

ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી., ઉધના.

૭૦મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

સંઘની ૭૦મી વાર્ષિક સાધારણ સભા શનિવાર તા.૧૯/૦૯/૨૦૨૬ નાં રોજ સાંજે ૪=૦૦ કલાકે 'આરોગ્ય ભવન' બીજા માળે, બેંક ઓફ બરોડાની બાજુમાં, સેન્ટ્રલ રોડ નં.-૯ ઉદ્યોગનગર, ઉધના ખાતે મળશે જેમાં સભ્યોને મોકલી આપવામાં આવેલ વાર્ષિક અહેવાલમાંની નોટીસમાં જણાવેલ કામો હાથ ધરવામાં આવશે તે સમયે મતાધિકાર ધારણ કરનાર તમામ સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

સેન્ટ્રલ રોડ નં.-૧૦, ઉદ્યોગનગર, ઉધના.
તા.૩૦/૦૭/૨૦૨૬

વિમલ બી. સાકરીયા
ચેરમેન
ધી ઉ. ઉ. સ. સંઘ લી. ઉધના

NOTICE

THE GUJERAT SAFE DEPOSIT COMPANY LIMITED

CIN : U63022GJ1936PLC000125

NOTICE is hereby given that the **91st Annual General Meeting** of the company will be held on **Saturday**, the **26th September, 2026** at **04:00 p.m.** at Juni Vithal Wadi, Nanavat, Surat-395003, Gujarat.

Pursuant to the applicable provisions of the Companies Act, 2013 and the rules made thereunder, the Register of Members and Share Transfer Books of the Company shall remain closed from **Tuesday, 15th September, 2026 to Saturday, 26th September, 2026 (both days inclusive)**.

The Company has obtained Demat connectivity facilities from both Depositories i.e. NSDL and CDSL. Members holding shares in physical form are requested to dematerialise their Equity Shares by contacting their Depository Participant (DP). Shareholders who wish to **register a nominee are requested to contact the Company's RTA and complete the requisite formalities by filing form SH-13.**

Reg. Off : Safe Deposit Chamber, Bhagatalao, Surat -395003, Gujarat

On behalf of the Board
Sd/-
Kamleshbhai M Patel
(Chairman)